# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-04-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર યશ્વી મહેતા વાંચે છે.

*****************************************************

1. પશ્ચિમ એશિયાના સંઘર્ષ વચ્ચે દેશમાં ખાદ્યાન્નનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાની કેન્દ્ર સરકારે ખાતરી આપી.
2. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું આસામના દરેક જિલ્લા અને પ્રદેશનો વિકાસ તેમની પાર્ટીની પ્રાથમિકતા.
3. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પુડુચેરીમાં ચૂંટણી સભા સંબોધી.
4. ચીને 40 દિવસ માટે પોતાના હવાઈ ક્ષેત્ર પર પ્રતિબંધ મૂક્યો.
5. મંગોલિયામાં યોજાયેલી એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ભારતીય ખિલાડી પ્રીતિ પવાર ફાઇનલમાં પહોંચ્યા.

……………………………………………………….

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# WEST ASIA BRIEFING

સરકારે આજે ખાતરી આપી હતી કે દેશમાં ખાદ્યાન્નનો પૂરતો જથ્થો છે. નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયામાં તાજેતરના વિકાસ પર આંતર-મંત્રાલય પરિષદને સંબોધતા, ગ્રાહક બાબત વિભાગના અધિક સચિવ અનુપમ મિશ્રાએ જણાવ્યું હતું કે આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં કોઈ સામાન્ય અસ્થિરતા નથી.

## (BYTE – ANUPAM MISHRA)

ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના સંયુક્ત સચિવ સી શિખાએ જણાવ્યું હતું કે દેશમાં લગભગ 602 લાખ મેટ્રિક ટન ખાદ્યાન્નનો જથ્થો ઉપલબ્ધ છે.

## (BYTE - C SIKHA)

જ્યારે બંદરો, જહાજ અને જળમાર્ગ મંત્રાલયના વધારાના સચિવ, મુકેશ મંગલે જણાવ્યું હતું કે છેલ્લા બે દિવસમાં બે ભારતીય ધ્વજ વહાણો એલપીજી વહન કરતા  હોર્મુંઝ સાંમુદ્રધૂનીમાંથી સુરક્ષિત રીતે પસાર થયા છે.

## (BYTE- MUKESH MNAGAL)

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ, સુજાતા શર્માએ જણાવ્યું હતું કે દરરોજ લગભગ પચાસ લાખ LPG સિલિન્ડર પહોંચાડવામાં આવી રહ્યા છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા, રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારતે આર્મેનિયા અને અઝરબૈજાન દ્વારા ઈરાનથી એક હજાર 777 નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા છે,તેમણે કહ્યું કે ડૉ. જયશંકરે તેમના ઈરાની સમકક્ષ સાથે પશ્ચિમ એશિયાના સંઘર્ષ પર ચર્ચા કરી હતી.

# STATE LPG SUPPLY

પશ્ચિમ એશિયાના વર્તમાન ઘટનાક્રમો વચ્ચે ગુજરાતમાં પેટ્રોલ, ડીઝલ અને LPGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને નાગરિકોએ ગભરાવવાની જરૂર નથી.

અમદાવાદમાં આજે પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો ખાતે યોજાયેલી એક સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનના કાર્યકારી નિદેશક સંજીવ બેહરાએ નાગરિકોને ગભરાટમાં આવીને ખરીદી કરવાથી દૂર રહેવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે હાલ ઘરેલુ માગણીઓને પ્રાથમિકતા અપાઈ છે અને વાણિજ્યિક એટલે કે કમર્શિયલ LPGનો પુરવઠો યુદ્ધ પહેલાની સ્થિતિની સરખામણીએ 70 ટકા જેટલો પૂર્વવત્ કરી દેવાયો છે.

ઈંધણની સંગ્રહખોરી અને કાળાબજાર રોકવા સરકાર કડક પગલાં લઈ રહી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. શ્રી બેહરાએ કહ્યું કે, અત્યાર સુધીમાં 2 હજાર 400થી વધુ સ્થળોએ દરોડા પાડીને 215 સિલિન્ડર જપ્ત કરાયા તેમજ ગેરરીતિ બદલ કડક કાર્યવાહી કરવામાં આવી છે.

(BYTE : SANJIV BEHRA)

# FERTILIZER QUANTITY IN STATE

ગુજરાત સરકારે ખેડૂતોને ખાતરી આપી છે કે, ચાલુ ઉનાળુ મોસમ અને આગામી ખરીફ ઋતુ માટે રાજ્યમાં રાસાયણિક ખાતર, બિયારણ અને જંતુનાશક દવાઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. કૃષિ વિભાગમાં સોઈલ કન્ઝર્વેશનના અધિક નિયામક નીતિન શુક્લાએ અમદાવાદમાં પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું, રાજ્યમાં હાલ એક લાખ 87 હજાર મૅટ્રિક ટન યુરિયા, 45 હજાર મૅટ્રિક ટન DAP અને એક લાખ 80 હજાર મૅટ્રિક ટન NPK ખાતર ઉપલબ્ધ છે.

શ્રી શુક્લાએ આકાશવાણી સાથે વાત કરતાં કહ્યું, પરંપરાગત ખાતરોની સાથેસાથે આધુનિક ખેતી માટે નેનો યુરિયા અને નેનો D.A.P. પણ વિપુલ માત્રામાં ઉપલબ્ધ છે, જે ખેડૂતોને સમયસર મળી રહેશે.

# PM EVENING ASSAM

**ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામના દિબ્રુગઢમાં એક ચૂંટણી સમાજ સંબોધતા કહ્યું કે ભાજપ એનડીએ સરકાર દિબ્રુગઢને ફરીથી ખૂબ મોટું હબ બનાવી રહી છે,**

**(બાઇટ – PM MODI DIBRUGADH)**

**શ્રી મોદીએ પુનરોચ્ચાર કર્યો કે આસામના દરેક જિલ્લા અને પ્રદેશનો વિકાસ તેમની પાર્ટી અને તેના જોડાણ, રાષ્ટ્રીય લોકશાહી જોડાણ માટે ટોચની પ્રાથમિકતા છે. શ્રી મોદીએ આજે બપોરે આસામના હોજાઈ ખાતે એક ચૂંટણી સભાને સંબોધતા આ વાત કહી.**

**આ દરમિયાન કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ પુડુચેરીના લોસ્પેટ ખાતે એક જાહેર સભાને સંબોધતા કરતાં પુડુચેરીને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની કોંગ્રેસ પાર્ટીની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

---------------------------------------------------------------------------

# NCW WOMEN CHAIRPERSON-WORKPLACE

રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ વિજયા રાહટકરે જણાવ્યું હતું કે દેશમાં મહિલાઓની સલામતી અને ગૌરવ સુનિશ્ચિત કરવા માટે મજબૂત કાયદાઓ છે.

નવી દિલ્હીમાં આકાશવાણી દ્વારા આયોજિત મહિલા-કેન્દ્રિત મુદ્દાઓ અને સશક્તિકરણ પહેલ પર એક વર્કશોપને સંબોધતા તેમણેઆ વાત કહી આ પ્રસંગે આકાશવાણી સમાચારના ડિરેક્ટર જનરલ ધીરજ એમ. કાકડિયાએ જણાવ્યું હતું કે કાર્યસ્થળ સલામત અને ન્યાયી હોવું જોઈએ અને કાર્યસ્થળ પર થતી ઉત્પીડન પ્રત્યે શૂન્ય-સહિષ્ણુતાની નીતિ હોવી જોઈએ. તેમણે જાહેરાત કરી હતી કે આકાશવાણી મહિલા સશક્તિકરણ પર કાનૂની જાગૃતિ ફેલાવવા માટે રાષ્ટ્રીય મહિલા આયોગ સાથે સંયુક્ત પહેલની એક ખાસ શ્રેણી શરૂ કરશે.

# AMIT SHAH-PUDUCHERRY

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે પુડુચેરીમાં મન્નાડીપેટ મતવિસ્તારમાં ભાજપના ઉમેદવારના સમર્થનમાં તિરુક્કન્નુર ખાતે એક ચૂંટણી સભાને સંબોધતા કહ્યું કે, ઔદ્યોગિક કોરિડોર વિકસાવવા અને કેન્દ્રશાસિત પ્રદેશને બ્લયૂ ઇકોનોમી હબ તરીકે પ્રોત્સાહન આપવાની યોજના ચાલી રહી છે. શ્રી શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે એનડીએ પુડુચેરીને સંપૂર્ણ વિકસિત પ્રદેશમાં પરિવર્તિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

# MAHA-NOMINATION

મહારાષ્ટ્રમાં નાયબમુખ્યમંત્રી અને એનસીપી નેતા સુનેત્રા અજીત પવારે આજે બારામતી વિધાનસભાની પેટા ચૂંટણી માટે તેમનું નામાંકન પત્ર ભર્યું છે. તો એ જ ક્ષેત્રમાં સુનેત્રા પવારની સામે કોંગ્રેના આકાશ મોરે ચુંટણી લડશે. ઉલ્લેખનીય છે કે , આ માટે 23 એપ્રિલે મતદાન થશે અને 4 મે ના મત ગણતરી હાથ ધરાશે.

# TAMILNADU - NOMINATIONS

તમિલનાડુમાં આજે 234 મતવિસ્તારો માટે ઉમેદવારી પત્રો ભરવાનો છેલ્લો દિવસ છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને વિપક્ષના નેતા ઇ. પલાનીસ્વામી, ભૂતપૂર્વ રાજ્ય ભાજપ પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી ડૉ. એલ. મુરુગન, તેલંગાણાના ભૂતપૂર્વ રાજ્યપાલ ડૉ. તમિલિસાઈ સુંદરરાજન અને રાજ્ય ભાજપ પ્રમુખ નૈનાર નાગેન્દ્રન સહિત વિવિધ રાજકીય પક્ષોના નેતાઓએ આજે પોતાના નામાંકન દાખલ કર્યા. ઉમેદવારી પત્રોની ચકાસણી આવતીકાલે થશે. ઉમેદવારો આ મહિનાની 9 તારીખ સુધી પોતાના ઉમેદવારીપત્રો પાછા ખેંચી શકશે પાંચ કરોડ 67 લાખથી વધુ મતદારો આગામી 23 તારીખે 3 હજાર 400 થી વધુ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે.

# KERALAM – ELECTION CAMPAIGN

કેરળ વિધાનસભા ચૂંટણી પ્રચાર આવતીકાલે સમાપ્ત થશે. આજે તમામ 140 વિધાનસભા મતવિસ્તારો વિવિધ રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓ દ્વારા સભાઓ અને રોડ શોમાં વ્યસ્ત છે. સાંભળીએ અમારા સંવાદદાતાનો એક અહેવાલ..

**(BYTE – JAGRITI KERALAM - POOL)**

# CHINA- AIRSPACE CLOSE

ચીને કોઈ પણ સ્પષ્ટતા આપ્યા વિના 40 દિવસ માટે પોતાના હવાઈ ક્ષેત્ર પર પ્રતિબંધ મૂક્યો છે. પ્રકાશિત થયેલા અહેવાલો અનુસાર, આ ચેતવણી 27 માર્ચથી 6 મે સુધી અમલમાં રહેશે. ઔપચારિક રીતે "નોટિસ ટુ એર મિશન" તરીકે ઓળખાતી, આ ચેતવણીઓ સામાન્ય રીતે પાઇલટ્સ અને ઉડ્ડયન અધિકારીઓને હવાઈ ક્ષેત્રમાં કામચલાઉ જોખમો અથવા પ્રતિબંધો વિશે જાણ કરવા માટે જારી કરવામાં આવે છે. જો કે, ચીને આ ક્ષેત્રમાં કોઈ લશ્કરી કવાયતની જાહેરાત કરી નથી.

# ASIAN BOXING CHAMPIONSHIPS

એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ભારતીય ખેલાડી પ્રીતિ પવારે પેરિસ ઓલિમ્પિક્સ કાંસ્ય ચંદ્રક વિજેતા કોરિયાની એજી ઇમને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો જ્યારે અનુભવી નિખત ઝરીન અને લવલીના બોર્ગોહેન આજે મંગોલિયાના ઉલાનબાતાર ખાતે એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપમાંથી બહાર થઈ ગયા. પ્રિયા અને અરુંધતી ચૌધરીએ પણ જીત મેળવી હતી જ્યારે વર્લ્ડ ચેમ્પિયનશિપ મેડલ વિજેતા પૂજા રાની અને અંકુશિતા બોરોએ સેમિફાઇનલ હાર્યા બાદ કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો.

એશિયન ગેમ્સ કાંસ્ય ચંદ્રક વિજેતા પ્રીતિ પવારે  સારા પ્રદર્શન બાદ ઇમ સામે ત્રણેય રાઉન્ડમાં પ્રભુત્વ મેળવીને 5-0થી જીત મેળવી હતી. હવે તે સુવર્ણ ચંદ્રક મુકાબલામાં ચીની  તાઇપેઈની હુઆંગ હ્સિયાઓ-વેનનો સામનો કરશે, જે ત્રણ વખતની વિશ્વવિજતા છે.

# ISRAEL – IRAN

ઇઝરાયલે જણાવ્યું  કે તેણે ઇરાનના અસલુયેહ ખાતે દક્ષિણ પાર્સ પેટ્રોકેમિકલ પ્લાન્ટ પર હુમલો કર્યો છે. ઇઝરાયલના સંરક્ષણ મંત્રી, ઇઝરાયલ કાત્ઝે ઇરાને આ સુવિધા પર હુમલો થયો હોવાનું જણાવ્યું તે પછી આ જાહેરાત કરી. શ્રી કાત્ઝે જો  કહ્યું કે ઇઝરાયલે ઇરાનમાં સૌથી મોટા રસાયણ પ્લાન્ટ પર શક્તિશાળી હુમલો કર્યો છે, જે દેશના રસાયણ ઉત્પાદનના લગભગ 50 ટકા માટે જવાબદાર છે. આ હુમલો વધતા તણાવ વચ્ચે થયો છે, કારણ કે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો હોર્મુઝ સાંમુદ્રધૂની ફરીથી ખોલવામાં નહીં આવે તો આ અઠવાડિયે પાવર પ્લાન્ટ અને પુલો પર સંભવિત હુમલાઓ થઈ શકે છે

# IRGC – INTELLIGENCE CHIEF KILLED

ઈરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સ-IRGC ના ગુપ્તચર વડા મેજર જનરલ સૈયદ માજિદ ખાદામી આજે વહેલી સવારે અમેરિકા-ઇઝરાયલી હવાઈ હુમલામાં માર્યા ગયા, IRGC એ એક સત્તાવાર નિવેદનમાં પુષ્ટિ આપી. તેમણે લગભગ 50 વર્ષ સુધી દેશની સેવા કરી અને ગુપ્તચર અને સુરક્ષા સેવાઓમાં મુખ્ય ભૂમિકા ભજવી.